**CM Dashboard અંતર્ગત નોડલ અધિકારી અને સબ નોડલ અધિકારીની નિમણૂંક.**

**ગુજરાત સરકાર**
**ઠરાવ ક્રમાંકઃ આઈટી/૧૦/૨૦૧૮/૩૯/આઈટી સેલ**
**ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.**
**તા.૦૪/૦૫/૨૦૨૧**

**વંચાણે લીધા:**

૧. અત્રેનો તા.૦૫/૧૧/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ
૨. અત્રેનો તા.૧૧/૦૫/૨૦૨૦નો સમાનાંકી ઠરાવ
૩. અત્રેનો તા.૧૬/૦૯/૨૦૨૦નો સમાનાંકી ઠરાવ

**ઠરાવ:-**

ગૃહ વિભાગના તા.૦૫/૧૧/૨૦૧૯ ના સમાનાંકી ઠરાવથી CM Dashboard ઉપર ગૃહ વિભાગની વિવિધ એપ્લીકેશન/મોડ્યુલનો ડેટા ડેશબોર્ડ પર પ્રદર્શિત થાય તે માટે વિભાગ દ્વારા સંબંધિત એપ્લીકેશનો/મોડયુલ માટે અલગ - અલગ સબ નોડલ અધિકારીઓ અને ગૃહ વિભાગના કો-ઓર્ડિનેટરની નિમણુંક તેમજ તેઓનું કાર્યક્ષેત્ર નિશ્ચિત કરવામાં આવેલ છે. ત્યારબાદ તા.૧૧/૦૫/૨૦૨૦ અને તા.૧૬/૦૯/૨૦૨૦ ના સમાનાંકી ઠરાવથી ઉક્ત બાબતે જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ. ત્યારબાદ વિવિધ એપ્લીકેશન/મોડ્યુલ માટે સબ નોડલ અધિકારી તરીકે ફરજ બજાવતા વિવિધ અધિકારીઓની બદલી/બઢતી થતાં આ બાબતે જરૂરી સુધારા વધારા કરી એક જ સંકલિત ઠરાવ કરવાનું વિભાગમાં વિચારણા હેઠળ હતું.

પુખ્ત વિચારણાને અંતે CM Dashboard ઉપર જે પણ ડેટા આપવામાં આવે તે યોગ્ય અને સુવ્યવસ્થિત રીતે પ્રદર્શિત થાય તે માટે **અધિક પોલીસ મહાનિદેશકશ્રી (તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી.), ગાંધીનગરની નોડલ અધિકારી** તરીકે **હોદ્દાજોગ** નિમણૂંક કરવામાં આવે છે અને નીચે કોષ્ટકમાં દર્શાવેલ સર્વિસ માટે સામે દર્શાવેલ સબ નોડલ અધિકારી અને ગૃહ વિભાગના કો-ઓર્ડિનેટરની **હોદ્દાજોગ** નિમણૂંક કરવામાં આવે છે.

<table>
<tr><th>ક્રમ</th><th colspan="3">સર્વીસનો પ્રકાર/<br>સબ હેડ</th><th>સબ નોડલ અધિકારી</th><th>ગૃહ વિભાગના<br>કો-ઓર્ડિનેટર</th></tr>
<tr><td>૧</td><td colspan="3">ફોરેન્સિક સાયન્સની વિગતો</td><td>નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર.</td><td>ઉપ સચિવશ્રી (TC&T)</td></tr>
<tr><td>૨</td><td colspan="3">સુરક્ષા સેતુ સોસાયટી</td><td>પોલીસ મહાનિદેશકશ્રી (પી.આર.) અને સભ્ય સચિવશ્રી(સુરક્ષા સેતુ સોસાયટી), ગાંધીનગર</td><td>ઉપ સચિવશ્રી (સંકલન)</td></tr>
<tr><td>૩</td><td colspan="3">Prison wise capacity and population</td><td>અધિક પોલીસ મહાનિદેશકશ્રી (જેલ અને સુધારાત્મક વહીવટ), અમદાવાદ</td><td>ઉપ સચિવશ્રી (જેલ)</td></tr>
<tr><td rowspan="2">૪</td><td rowspan="2">ગુજરાત પોલીસ</td><td rowspan="2">સ્પેશિયલ કેટેગરી</td><td>SC વિરૂધ્ધના ગુના</td><td rowspan="2">પોલીસ મહાનિદેશકશ્રી (SC/ST Cell) , પોલીસ ભવન, ગાંધીનગર</td><td rowspan="2">ઉપ સચિવશ્રી (ફરિયાદ)</td></tr>
<tr><td>ST વિરૂધ્ધના ગુના</td></tr>
</table>

<table>
<tr><td>૫</td><td colspan="2">અરજી</td><td rowspan="2">અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા. અને વ્ય.), પોલીસ ભવન, ગાંધીનગર</td><td>ઉપ સચિવશ્રી (ફરિયાદ)</td></tr>
<tr><td>૬</td><td colspan="2">ડાયલ ૧૦૦</td><td>ઉપ સચિવશ્રી (કા. અને વ્ય.)</td></tr>
<tr><td>૭</td><td colspan="2">મોડર્નાઈઝેશન ઓફ પોલીસ ફોર્સ</td><td>પોલીસ મહાનિરીક્ષકશ્રી (પી. એન્ડ એમ), પોલીસ ભવન , ગાંધીનગર</td><td>ઉપ સચિવશ્રી (TC&T)</td></tr>
<tr><td>૮</td><td colspan="2">Department-wise ACB Cases Registered and Accused Details</td><td>સંયુક્ત નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ</td><td>ઉપ સચિવશ્રી (ફરિયાદ)</td></tr>
<tr><td>૯</td><td colspan="2">પ્રોસિક્યુશન સેન્કશનની વિગતો</td><td>સંયુક્ત નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ</td><td>ઉપ સચિવશ્રી (ફરિયાદ)</td></tr>
<tr><td>૧૦</td><td colspan="2">પાસપોર્ટ વેરીફિકેશન</td><td>પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટેલીજન્સ-૧), ગાંધીનગર</td><td>ઉપ સચિવશ્રી (ફોરેનર્સ)</td></tr>
<tr><td>૧૧</td><td colspan="2">પોલીસ મહેકમ</td><td>પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ)</td><td>ઉપ સચિવશ્રી (TC&T)</td></tr>
<tr><td rowspan="10">૧૨</td><td rowspan="4">સ્પેશિયલ કેટેગરી</td><td>સ્ત્રી વિરૂધ્ધના ગુના</td><td rowspan="12">પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB), ગાંધીનગર.</td><td rowspan="12">ઉપ સચિવશ્રી (ફરિયાદ)</td></tr>
<tr><td>બાળકો વિરૂધ્ધના ગુના</td></tr>
<tr><td>સાયબર ક્રાઈમના ગુના</td></tr>
<tr><td>સિનિયર સીટીઝન વિરૂધ્ધના ગુના</td></tr>
<tr><td rowspan="6">ક્રાઈમ મેનેજમેન્ટ પરફોર્મન્સ</td><td>શરીર સંબંધીત ગુના</td></tr>
<tr><td>મિલકત સંબંધીત ગુના</td></tr>
<tr><td>પ્રોહિબિશનના ગુના</td></tr>
<tr><td>જુગારના ગુના</td></tr>
<tr><td>અટકાયતી પગલા</td></tr>
<tr><td>સ્પેશિયલ ક્રાઈમ (આર્મ્સ એક્ટ, એફ.આઈ.સી.એન વગેરે)</td></tr>
<tr><td>૧૩</td><td colspan="2">ગુમ થયેલ બાળકો</td></tr>
<tr><td>૧૪</td><td colspan="2">નોન કોગ્નિઝેબલ ગુના</td></tr>
<tr><td>૧૫</td><td colspan="2">અભયમ હેલ્પ લાઈન</td><td rowspan="7">પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB), ગાંધીનગર.</td><td>ઉપ સચિવશ્રી (સંકલન)</td></tr>
<tr><td>૧૬</td><td colspan="2">ઈકોનોમિક ઓફેન્સિસની વિગતો</td><td>ઉપ સચિવશ્રી (કા. અને વ્ય.)</td></tr>
<tr><td>૧૭</td><td colspan="2">નારકોટિક્સ સેલની વિગતો</td><td>ઉપ સચિવશ્રી (ફરિયાદ)</td></tr>
<tr><td>૧૮</td><td colspan="2">રેડ કોર્નર નોટિસો</td><td>ઉપ સચિવશ્રી (કા. અને વ્ય.)</td></tr>
<tr><td>૧૯</td><td colspan="2">આપઘાતના કારણો સહિતની કેસની વિગતો</td><td>ઉપ સચિવશ્રી (કા. અને વ્ય.)</td></tr>
<tr><td>૨૦</td><td colspan="2">જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ ગુન્હાઓ</td><td rowspan="2">ઉપ સચિવશ્રી (ફરિયાદ)</td></tr>
<tr><td>૨૧</td><td colspan="2">ઈ-ગુજકોપ/એફ.આઈ.આર.વિ. ચાર્જશીટ</td></tr>
<tr><td>૨૨</td><td colspan="2">નશાબંધી અને આબકારી વિભાગની જુદી જુદી પરમિટો</td><td>નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગાંધીનગર</td><td>ઉપ સચિવશ્રી (ફરિયાદ)</td></tr>
<tr><td>૨૩</td><td colspan="2">એક્સિડન્ટ</td><td>પોલીસ મહાનિરીક્ષકશ્રી (STB) , ગાંધીનગર</td><td>ઉપ સચિવશ્રી (હોમગાર્ડ્ઝ)</td></tr>
<tr><td>૨૪</td><td colspan="2">શહેરી વિસ્તારમાં ટ્રાફિકની વિગતો</td><td>પોલીસ મહાનિરીક્ષકશ્રી (STB) , ગાંધીનગર</td><td>ઉપ સચિવશ્રી (હોમગાર્ડ્ઝ)</td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| ૨૫ | ગૃહ વિભાગમાં પડતર તકેદારી આયોગના સંદર્ભો તથા આયોગે ભલામણ કરી હોય તેવા કેસોની વિગત | - | ઉપ સચિવશ્રી (ફરિયાદ) |
| ૨૬ | Data of Citizen Portal | પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB), ગાંધીનગર | ઉપ સચિવશ્રી (જેલ) |
| ૨૭ | Coastal Area monitoring | પોલીસ અધિક્ષકશ્રી – કોસ્ટલ સીક્યુરીટી | ઉપ સચિવશ્રી (કા. અને વ્ય.) |
| ૨૮ | Last 10 years - year wise police strength against Population | પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગાંધીનગર | ઉપ સચિવશ્રી (ટી.સી. એન્ડ ટી.) અને ઉપ સચિવશ્રી (ક.ગ.) |
| ૨૯ | Planning for Vacant Post | પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગાંધીનગર | ઉપ સચિવશ્રી (ટી.સી. એન્ડ ટી.) અને ઉપ સચિવશ્રી (ક.ગ.) |
| ૩૦ | Farmer suicide | પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB), ગાંધીનગર | ઉપ સચિવશ્રી (કા. અને વ્ય.) |
| ૩૧ | Gujarat Among the State – NCRB (2017 Report) | પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB), ગાંધીનગર | ઉપ સચિવશ્રી (કા. અને વ્ય.) |
| ૩૨ | Prohibition Quality Casesના ડેટા | પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB), ગાંધીનગર | ઉપ સચિવશ્રી (ફરિયાદ) |

**નોડલ અધિકારીશ્રીનું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે :-**

૧. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા NICની મદદથી માન.મુખ્યમંત્રીશ્રી માટે વિકસિત કરવામાં આવેલ Key Performance Indicator Dashboard સાથે સંબંધિત એપ્લીકેશનનું સમય મર્યાદામાં ઈન્ટીગ્રેશન કરાવવાનું રહેશે. જે માટે માન. મુખ્યમંત્રીશ્રીના કાર્યલયના સંબંધિત ઉપ સચિવશ્રી સાથે સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે.

૨. પ્રોજેક્ટ/એપ્લીકેશનની સંબંધિત એજન્સીને જરૂરી સૂચના આપી જરૂરી ઈન્ટરફેશ વિકસાવવાનો રહેશે.

૩. ટેકનિકલ તમામ બાબતોનો નિકાલ NIC, Gandhinagar અને સંબંધિત મોડ્યુલ/એપ્લીકેશનના SI અને સબ-નોડલના પરામર્શમાં કરવાની રહેશે.

૪. સંબંધિત એપ્લીકેશનનો માન.મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડ ઉપર પ્રદર્શિત થતી માહિતીનો દૈનિક અહેવાલ ગૃહ વિભાગને પુરો પાડવાનો રહેશે.

**સબ-નોડલ અધિકારીશ્રીનું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે :-**

૧. એસ.સી.આર.બી.ના સંકલન/પરામર્શમાં CM Dashboardને બધો જ ડેટા પુરો પાડવા માટે સંબંધિત એપ્લીકેશનનો ઈન્ટરફેશ વિકસાવવાનો રહેશે.

૨. માન.મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડ ઉપર પ્રદર્શિત થતા ડેટાની ગુણવત્તા અને યથાર્તતાની સંપુર્ણ જવાબદારી આપની થતી હોય અગાઉથી ખરાઈ કરવાની રહેશે તથા સાચો, સમયસર અને સુવ્યવસ્થિત ડેટા ઈ-ગુજકોપના આધારે Live અથવા જ્યાં Live ડેટા ઉપલબ્ધ ન હોય ત્યાં Offline માધ્યમ દ્વારા ડેટા ડેશબોર્ડ ઉપર પ્રદર્શિત થાય તેની ચોકસાઈ રાખવાની રહેશે.

૩. સંબંધિત એપ્લીકેશનનો માન.મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડ ઉપર પ્રદર્શિત થતી માહિતીનો દૈનિક અહેવાલ એસ.સી.આર.બી.ને પુરો પાડવાનો રહેશે.જેથી એસ.સી.આર.બી. સંકલિત અહેવાલ ગૃહ વિભાગને મોકલી શકે.

**ગૃહ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રીનું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે :-**

- ગૃહ વિભાગનો ડેટા સંપુર્ણ સુવ્યવસ્થિત CM Dashboard ઉપર પ્રદર્શિત થાય તે માટે સંબંધિત સબ-નોડલ/નોડલ અધિકારી સાથે સંકલન કરવું.

આ હુકમો અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ની તા. ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ સમાનાંકી ફાઈલ પર મળેલ મંજુરીને ધ્યાને લઈ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

04/05/'21

**(સત્કાર દેસાઈ)**
સેક્શન અધિકારી
ગૃહવિભાગ

04.05.2021
રવાના કર્યું

O/C
04.05.2021

**નકલ સવિનય રવાના:-**

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી , ગૃહ વિભાગ, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ), પોલીસ ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો,અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (પોલીસ સુધારણા) અને અધ્યક્ષશ્રી (સુરક્ષા સેતુ સોસાયટી), ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા. અને વ્ય) , પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (SC/ST Cell), પોલીસ ભવન,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી અને જેલોના ઈન્સ્પેકટર જનરલ, જેલ ભવન, અમદાવાદ
- નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (પી. એન્ડ એમ), પોલીસ ભવન,ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટેલીજન્સ-૧), ગાંધીનગર
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (STB) , ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB), ગાંધીનગર
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર
- પોલીસ અધિક્ષકશ્રી, કોસ્ટલ સીક્યુરીટી, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના ઉપ સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર
- વિભાગના સર્વે સંયુકત સચિવશ્રીઓ/નાયબ સચિવશ્રીઓ/ઉપ સચિવશ્રીઓ
- સિલેકટ ફાઈલ